**<u>ફોજદારી સમરી નં.૬૨૦/૨૦૨૨</u>**

**<u>–:ફરીયાદી પી.જી.વી.સી.એલ.ની પુરસીસ આધારે આંક–૧ લગત હુકમ</u>**

આ કામે આરોપી વિરુધ્ધ ધી ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ મુજબનો ગુનો દાખલ થયેલ છે. હાલના ગુન્હાના કામે કેસના ચાલુ પ્રોસીડીંગ દરમિયાન ફરીયાદી નાયબ ઈજનેરશ્રી, પી.જી.વી.સી.એલ, ઉના નાઓએ પુરસીસ રજુ કરી હાલના આરોપીએ ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ મુજબ બીલની રકમ તથા કમ્પાઉન્ડીંગ ઓફેન્સ ચાર્જની રકમ ભરપાઈ કરી આપેલ છે અને તેથી  ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ મુજબ કેસ માંડવાળ થવા પાત્ર હોય, હાલનો કેસ માંડવાળ કરવા રજુઆત કરેલ છે.

આમ, ફરીયાદી તરફેની રજુ થયેલ પુરસીસ ધ્યાને લેતા હાલના આરોપીએ પી.જી.વી.સી.એલ.ના બીલની રકમ તથા કમ્પાઉન્ડીંગ ચાર્જની રકમ ભરપાઈ કરી આપેલ હોય, હાલનો કેસ આગળ ચલાવવાનો રહેતો નથી અને  ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૫૨ મુજબ હાલનો કેસ માંડવાળ થવાને પાત્ર છે. જેથી ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**–:હુકમ:–**

આથી સમરી રીપોર્ટ મંજુર કરવામાં આવે છે. આરોપી સામેનો કેસ કમ્પાઉન્ડીંગ થયેલ હોઈ તે આધારે ફેસલ કરવામાં આવે છે અને આરોપીને  ધી ઈન્ડીયન ઈલેકટ્રીસીટી એકટ ૨૦૦૩ ની કલમ ૧૩૫ ના ગુનામાંથી છોડી મુકવામાં આવે છે.

આજ તારીખ ૧૨ માહે નવેમ્બર સને ૨૦૨૨ની લોક અદાલતમાં સ્પેશ્યલ સીટીંગથી હુકમ કરી, સહી કરી જાહેર કર્યો.

ઉના

તા.૧૨/૧૧/૨૦૨૨

**(આર.એમ. આસોડીયા)**
ત્રીજા એડી.ડીસ્ટ્રીકટ અને સેશન્સ જજ
ઉના
(જીજે–૦૦૬૩૬)